# ARTHA

## e-Newsletter of Department of Economics

## VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

**(15TH August 2023 to 14th Septembar 2023)**

*sukhasya mūlaṃ dharma:| dharmasya mūlaṃ artha:|*
*arthasya mūlaṃ rājsya| rājsya mūlaṃ indriyajaya:|*

सुखस्य मूलं धर्मः। धर्मस्य मूलं अर्थः।
अर्थस्य मूलं राज्स्य। राज्स्य मूलं इन्द्रियजयः।

सुख का मूल है, धर्म । धर्म का मूल है, अर्थ।
अर्थ का मूल है, राज्य । राज्य का मूल है, इन्द्रियों पर विजय।

- ***'Chanakya Sutra'***

Chanakya (traditionally known as Kauṭilya or Vishnugupta)
- (375–283 BCE)


## DEPARTMENT OF ECONOMICS

## VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

**Social Sciences Building – Udhna – Magdalla Road**
**Surat – 395 007, Gujarat – INDIA**

https://www.vnsgu.ac.in/departments/economics/index.html

**ARTHA**
**e-newsletter of Department of Economics**
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**

'Artha' is one of the four goals of human life, known as *purusharthas* (life goals) collectively in Indian philosophy. In Sanskrit 'Artha' is known as 'wealth,' or 'property'. In Hindu scriptures, the term 'Artha' refers to a broader conception that describes the resources that allow a person to achieve the ideal state or circumstance for his or her life. Other *purusharthas* besides 'Artha' are 'dharma' (righteousness), 'Kama' (pleasure and emotional fulfilment), and 'moksha' (freedom from the life-death cycle). 'Artha' ensures dignity by providing enough food, clothing, shelter, and other material goods for a fulfilling life. Therefore, pursuing financial luxuries contributes to the upkeep of social order. However, an excessive desire for prosperity breeds selfishness and societal unrest. Therefore, 'dharma' must keep 'Artha' in check. The fourth and last aim, 'moksha', is the ultimate objective. The previous three goals encourage contentment and balance in life until the person achieves this stage.

*sukhasya mūlaṃ dharma:। dharmasya mūlaṃ artha:।*
*arthasya mūlaṃ rājsya। rājsya mūlaṃ indriyajaya:।*

**सुखस्य मूलं धर्म:। धर्मस्य मूलं अर्थ:।**
**अर्थस्य मूलं राज्स्य। राज्स्य मूलं इन्द्रियजय:।**

**सुख का मूल है, धर्म । धर्म का मूल है, अर्थ।**
**अर्थ का मूल है, राज्य । राज्य का मूल है, इन्द्रियों पर विजय।**

The basis of 'Sukha' or all true pleasantness is 'dharma' or righteous conduct. The basis of all 'dharma' is 'Artha' or wealth. The basis of all 'Artha' is 'Rajya' or the State. The basis for the stability of the State lies in control over the 'Indriya' or sense faculties providing pleasure.

- ***'Chanakya Sutra'***
Chanakya (traditionally known as Kauṭilya or Vishnugupta)
(375–283 BCE)

# Editorial

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા થતી વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક, રમત-ગમત તથા સહઅભ્યાસ પ્રવૃત્તિઓથી વિભાગ તેમજ શૈક્ષણિક સમાજ માહિતગાર થાય તે હેતુથી અર્થશાસ્ત્ર વિભાગનું માસિક e-newsletter “ARTHA” પ્રકાશિત કરવાનો શુભઆરંભ કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ. આર.સી. ગઢવીનાં હસ્તે કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત e-newsletter “ARTHA” નો તૃતીય અંક ૧૫ ઓગષ્ટ ૨૦૨૩ થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાનનો છે. જેમાં વિભાગમાં આ સમયગાળા દરમિયાન થયેલી વિવિધ પ્રવૃત્તિ, સ્પર્ધા, અધ્યાપકો-વિદ્યાર્થીઓ દ્વારા મેળવેલ સિદ્ધિ, સંશોધન પત્રો, અન્ય કૃતિઓ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. અમને આશા છે કે “ARTHA” e-newsletter નો આ અંક આપને ચોક્કસ ગમશે.

આપશ્રી તે વિનંતી છે કે આપ આ e-newsletter ની નકલ આપના સંપર્કમાં રહેલ લોકોને મોકલશો. ઉપરાંત આપના કોઈ સૂચનો હોય તો તે સંપાદકીય ટીમને મોકલવા આપશ્રીને વિનંતી જેથી “ARTHA” e-newsletter ની ગુણવત્તામાં સુધારો કરી શકાય.

આપના સહકારની અપેક્ષા.

- **Members, Editorial Board**
**15/09/2023**

**Disclaimer: For Private Circulation Only.**

## About Veer Narmad South Gujarat University (VNSGU):

The vision of Veer Narmad South Gujarat University, as envisaged in the University Act, is to contribute to the field of higher education in the region and enable its inclusive development in all walks of life by making available trained personnel in various branches of human knowledge, keeping in mind the larger goals of nation-building. The University is committed to maintain high standards in both undergraduate and postgraduate teaching, promoting research and undertaking the requisite extension activities that would reach out to every section of society.

Veer Narmad South Gujarat University has endeavored to be an institution of excellence in higher education since its existence, keeping in view the regional needs and the emerging trends in the global scenario. A semi-urban University located at Surat city, the University has a campus spread over 210 acres. The University, re-accredited 'B++' grade with 2.86 CGPA on 4 Points scale by the National Accreditation and Assessment Council in 2022, is also accredited with 'A' grade with 3.02 CGPA in 2017. The university was originally established under the South Gujarat University Act, 1965 passed by the Gujarat State Legislative Assembly. It became functional from the academic year of 1966 and was incorporated as a University on 23 May, 1967. Recognized by the University Grants Commission in 1968, it was renamed as Veer Narmad South Gujarat University in 2004 after the great Gujarati poet Narmad, Narmadashankar Lalshankar Dave. The mandate of the University is to meet the developmental needs of the seven districts and two Union Territory in the region and attempts at realizing their potential in every walk of life ranging from technology, business, industry and commerce to language, culture, and fine arts.

## Introduction of the Department of Economics:

The Department is one of the premier institutes of the South Gujarat offering the PG and Research degrees in Economics. The PG curriculum remains updated regularly with the inclusion of the intra-disciplinary papers like Accountancy, Agri-Business, Research Methodology, Computer Applications in Economics Analysis and Indian Political System as part of the course. The department has completed over 40 research projects to date. Over 125 research students have been awarded Ph.D. and M.Phil. Degrees. The faculty of the department is involved in the research related to the cross-section and time-series data. The department has also initiated the publications of working papers in the department. To now 7 working papers have been published. This apart, Capacity building workshops and seminars for the students and the teachers in the

affiliated colleges have been a regular feature for the department. Needless to say that the beneficiaries have been the students belonging to the first generation and also the teachers in the affiliated colleges.

## Vision of the Department of Economics:

To be an institute of Excellence in the learning and teaching of Economics through its Academics and Research.

## Mission of the Department of Economics:

In pursuance of its vision, the mission is to enhance research and training capabilities among the scholars and teaching fraternity. This to be done through capacity building efforts by organizing seminars, workshops and conferences apart from collaborative efforts with reputed institutions.

## ACKNOWLEDGMENTS

We express our sincere and profound thanks to following persons, bodies and committees for their kind support and cooperation to the Department of Economics in its various academic, extra and co-curriculum, sports and other activities during the academic year 2022-2023. Without their kind support, it would not be possible to publish 'ARTHA' e-Newsletter for the Department of Economics and flourish. We hope for their continuous support and cooperation in future too.



Hon. Vice Chancellor
**Dr. Kishorsinh. N. Chavda**



Hon. Registrar
**Dr. R. C. Gadhvi**

**Syndicate Members**



**Dr. Jayantibhai S. Chaudhari**



**Shri Mali Nimesh J.**



**Shri K.C.Poria**



**Shri Kachariya K. Pravinsinh**



**Shri Algotar Kanubhai M.**



**Shri Kiranbhai Ghoghari**



**Dr. Snehal K. Joshi**



**Dr. Mahendra D. Chauhan**



**Shri Sanjaybhai Lapsiwala**



**Shri Vimalbhai Shah**



**Shri Hasmukhbhai Patel**



**Dr. Parulben K. Vadgama**


- Members of Senate, VNSGU, Surat
- Members of Academic Council, VNSGU, Surat
- Members of Board of University Teachers, VNSGU, Surat
- Members of Board of Studies in Economics, VNSGU, Surat
- Members of Finance Committee, VNSGU, Surat
- Deans of Various Faculties, VNSGU, Surat
- Heads of Various Departments, VNSGU, Surat
- Coordinators of Various Programmes, VNSGU, Surat
- Assistant and Deputy Registrars, VNSGU, Surat
- Controller of Examination, VNSGU, Surat
- Administrative Staff of VNGSU, Surat
- Former faculties of Department of Economics, VNSGU, Surat
    - Late. Prof. B.V. Mehta
    - Late. Prof. A. S. Charan
    - Prof. B. V. Acharya
    - Prof. P. K. Bhatt
    - Prof. Subadra Ragothaman
    - Prof. M. B. Dave
    - Prof. G. N. Joshi
    - Prof. Kiran Pandya
    - Prof. Kirti S Zankharia
    - Prof. S. Srinivasa Rao
- Dr. Dilip Vasani, Principal, Dharukawala Arts College, Surat and Chairman, Faculty of Arts, VNSGU, Surat
- Dr. Hemali A. Desai, Principal Rofel Arts and Commerce College, Vapi and Former Vice Chancellor (I/C), VNSGU, Surat
- Dr., Board of Studies in Economics, VNSGU, Surat
- Principals, I/C Principals and Trustees of various affiliated colleges with VNSGU, Surat
- Members of Research Advisory Committee (RAC) – Economics, VNSGU, Surat
- Faculties and Students of Department of Economics, VNSGU, Surat

# Content (Index)


| Sr.No. | Topic | Page No. |
|---|---|---|
| 1. | Events/Workshops/Seminars | 1-10 |
| 2. | Teaching Staff Activity | 11 |
| 3. | Photo Gallery | 12-16 |
| 4. | Press Note 2022-23 | 17 |
| 5. | Press Note Link | 18 |

## Events/Workshops/Seminars

## અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા પ્રો. બી.વી. મહેતા વ્યાખ્યાનમાળા




અર્થશાસ્ત્ર વિભાગમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪થી અર્થશાસ્ત્રના ભૂતપૂર્વ અધ્યક્ષ પ્રો. બી.વી. મહેતાના નામથી વ્યાખ્યાનમાળાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ડૉ.બી.વી મહેતા વિશ્વ વિખ્યાત અર્થશાસ્ત્રી હતા ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં વિશ્વના ટોચના અર્થશાસ્ત્રીમાં તેમની ગણના થતી હતી. પ્રો મહેતા સાહેબ કે જેઓએ વિશ્વની નામાંકિત યુનિવર્સીટીમાં વીઝીટીંગ ફેકલ્ટી તરીકે પણ કામગીરી બજાવી છે. તેમજ જે તે સમયે International Journal 'the bulletin of the Oxford University Institute of Economics and Statistics' જેવા નામાંકિત જર્નલ્સમાં તેમના સંશોધનો પ્રકાશિત થયા છે, માત્ર પ્રકાશિત નહિ પણ તેમના સંશોધનના તારણો પર મોટી ડીબેટો પણ થઇ છે એવા નામાંકિત અર્થશાસ્ત્રી જેઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત ના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ હતા. પ્રો . મહેતા સાહેબ ૧૯૭૯ની વાર્ષિક.વી.બી ગુજરાત અર્થશાસ્ત્રની પરિસદ (Gujarat Economic Association) ના પ્રેસિડેન્ટ પણ રહી ચુક્યા છે. તેમણે તેમાં પ્રમુખીય પ્રવચન આપ્યું હતુંપ્રસ્તુત પરિસદ ભાવનગર , યુનિવર્સીટી ખાતે આયોજિત કરવામાં આવી તેઓ તેમના જીવનકાળ દરમિયાન .હતી U.K., U.S.A., U.S.S.R અને Japan જેવા દેશોમાં શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમો માટે પસંદગી પામ્યા છે અને તેઓ ત્યાં જઈને દેશનું પ્રતિનિધિત્વ કર્યું છેજે ખુબ , .ગૌરવપૂર્ણ બાબત ગણી શકાય

અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તેમની યાદમાં પ્રો.બી.વી.મહેતા વ્યાખ્યાનમાળા શરૂ કરી છે, પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં આજ રોજ તારીખ ૨૩ ઓગષ્ટ, ૨૦૨૩ ના યુનિવર્સીટીના કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા સાહેબ અને મુખ્ય વક્તા તરીકે નિવૃત્ત પ્રાધ્યાપક અને એચ.આર.ડી. વિભાગના અધ્યક્ષ એવા પ્રો.કિરણ.એમ.પંડયા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રો.બી.વી મહેતા વ્યાખ્યાનમાળા અંતર્ગત આજના પ્રથમ ઉદ્ઘાટન વ્યાખ્યાન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સીટીના કુલપતિશ્રી. ડૉ.કિશોરસિંહ એન.ચાવડા સાહેબ

ઉપસ્થિત રહ્યા હતા. જેમણે જણાવ્યું હતું કે અર્થશાસ્ત્ર વિભાગે આગળ પડીને જેવી રીતે પોતાના વિભાગમાં કામ કરી ગયેલા પ્રોફેસર કે જેઓ રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય ખ્યાતી ધરાવતા હતા તેમની યાદગીરી રૂપે વ્યાખ્યાનમાળા તેમજ ટીચર એક્ષ્ચેન્જ પ્રોગ્રામ ચાલુ કર્યા છે. જેને બિરદાવી છે, તેમણે વધુમાં જણાવ્યું કે આવા પ્રોગ્રામ થકી વિભાગના પૂર્વજોને યાદ કરવા તેમજ તેમના દ્વારા જે સારી પરંપરા ચાલુ કરવામાં આવી હતી તે જળવાઈ રહે તે રીતે ભવિષ્યમાં પણ કામગીરી થાય તે જરૂરી છે. ડૉ.કિશોરસિંહ ચાવડા સાહેબે જણાવ્યું કે આવા પ્રોગ્રામો થકી વિદ્યાર્થી અને અધ્યાપકો લાભાન્વિત થાય અને તેનાથી સમાજનો સર્વાંગી વિકાસ થાય તેમાં કોઈ શંકાને સ્થાન નથી જેથી આવા કાર્યક્રમો વિવિધ સ્વરૂપમાં થવા જરૂરી છે.



પ્રસ્તુત ડૉ.બી.વી.મહેતા વ્યાખ્યાનમાળાના પ્રથમ વક્તવ્ય માટે પ્રો.કિરણ એમ. પંડયા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા તેમણે શરૂઆતમાં પ્રો.બી.વી.મહેતા સાહેબ સાથે તેમના કાર્યકાળ દરમિયાન થયેલા તેમના અનુભવો જણાવી વિદ્યાર્થી અને અધ્યાપકોને જણાવ્યું હતું કે પ્રો. મહેતા સાહેબ કેટલા સરળ, સહજ અને જ્ઞાની હતા. એક સહ કાર્યકરને આગળ વધવાની તકમાં તેમનો શુ ફાળો છે તે સંદર્ભે પ્રો.પંડયા સાહેબે પોતાના અનુભવોની વાત કરી હતી. પ્રો. કિરણ એમ.પંડયા સાહેબે **"ફુગાવો, નાણા સંકોચન અને મંદી મિશ્રિત ફુગાવો"** વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે ફુગાવાની વર્તમાન પરિસ્થિતિ શુ છે તેની વાત કરી હતી, તેમના વક્તવ્યમાં તેમણે ફૂગાવી કઈ રીતે માપી શકાય, ફુગાવાની સાથે જોડાયેલા સિદ્ધાંતો, ફુગાવાને અસર કરતા પરિબળો, ભારતમાં ફુગાવાની પરિસ્થિતિ, સામાન્ય ભાવઆંક સાથે જોડાયેલા અન્ય ભાવાંક, ઉપરાંત પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી, નાણાવાદીઓ તેમજ કેઈન્સ અને કેઈન્સવાદીઓએ ફુગાવા સંદર્ભે જે ચર્ચાઓ કરી છે, તેની વિસ્તૃત સમજુતી આપી. પ્રો. કિરણ પંડયા સાહેબે આપમેળે ચાલતા અર્થતંત્ર અને રાજ્યના હસ્તક્ષેપની ચર્ચાને સમજાવી અને કઈ રીતે વિવિધ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના સિદ્ધાંતો સમજવામાં તમને આ ચર્ચા કામ લાગી શકે તેની ચર્ચા કરી. તેમણે પોતાના વક્તવ્ય દરમિયાન AD/AS મોડેલ IS/LM વક્ર ફીલીપ્સ રેખા જેવા અગત્યના મુદ્દાઓને ધ્યાનમાં

રાખીને અર્થશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને લાભાન્વિત કર્યા હતા.




સમગ્ર કાર્યક્રમનું વિભાગના પ્રાધ્યાપક ડૉ.યોગેશ એન.વાંસિયા અને ડૉ.મનીષ આર.પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મહેમાનશ્રીના આવકાર અને અભિવાદનથી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિભાગના પ્રાધ્યાપક ડૉ.યોગેશ એન.વાંસિયા દ્વારા પ્રો.બી.વી.મહેતા વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી, તેમણે જણાવ્યું હતું કે પ્રો.મહેતા જેઓનો જન્મ ૧૯૩૨ માં થયો હતો અને ૨, મે, ૨૦૧૯ના રોજ તેઓ યુ.એસ.એ.માં મૃત્યુ પામ્યા હતા, જેમણે પોતાના જીવનના અમુલ્ય એવા ૨૦ વર્ષ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીમાં પસાર કર્યા હતા અને તેમના કાર્યકાળ દરમિયાન તેમણે અર્થશાસ્ત્ર વિભાગને રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ નામના આપવી તે સંદર્ભે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ વિભાગના અધ્યક્ષ પ્રો.ગૌરાંગ ડી.રામી સાહેબના સહકાર થકી થયો હતો. બીજી મહત્વની બાબત એ છે કે પ્રસ્તુત વ્યાખ્યાનમાળા ગોઠવવામાં યુનિવર્સીટીના વિવિધ અધિકાર મંડળ અને તેના સભ્યશ્રીઓ તેમજ આદરણીય કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા સાહેબ અને કુલસચિવશ્રી રમેશદાન ગઢવી સાહેબના માર્ગદર્શન અને સહકાર થકી પ્રસ્તુત કાર્યક્રમ સફળ રહ્યો હતો. પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં અર્થશાસ્ત્ર વિષયના



યુનિવર્સીટી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપરાંત વેસુ અગ્રવાલ કોલેજના વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા. ૧૩૫ જેટલા વિદ્યાર્થી, સંશોધક અને અધ્યાપકોએ આ વકતવ્યનો લાભ લીધો હતો.

## Dr. B. V. MEHTA LECTURE SERIES LECTURE -2: INTEREST RATE

અર્થશાસ્ત્ર વિભાગમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩૨૦૨૪- થી અર્થશાસ્ત્ર વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ પ્રામહેતાના .વી.બી(.ડૉ). નામથી વ્યાખ્યાનમાળાનું આયોજન કરવાનું .નક્કી કરવામાં આવ્યું છે પ્રા .વી .બી (.ડૉ) . મહેતા અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ

ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં સૌપ્રથમ અધ્યક્ષ હતાવી મહેતા .બી.તે ઉપરાંત ડૉ , ઔદ્યોગિક ,વિશ્વ વિખ્યાત અર્થશાસ્ત્રી હતા અર્્થશાસ્ત્રમાં વિશ્વના ટોચના અર્થશાસ્ત્રીમાં તેમની ગણના થતી હતી. જેમાનું બીજું વ્યાખ્યાન તારીખ ૨૪નાં રોજ ૨૦૨૩/૦૮/ ,આયોજિત કરવામાં આવ્યું હતુંપ્રસ્તુત વ્યાખ્યાનનો વિષય હતો અને ”વ્યાજદર“ સચિન મહેતા હાજર .મુખ્ય વક્તા તરીકે ડૉ શ્રી ,મેહતા સચિન.ડૉ .રહ્યા હતા અટલબિહારી વાજપેયી સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજવાંકલમાં અધ્યાપક , વ્યાખ્યાનની શરૂઆત .તરીકે ફરજ બજાવે છે .મેરાભાઇ જમોડ દ્વારા કરવામાં આવી હતી સચિન મેહતા .સૌપ્રથમ મુખ્ય વક્તા ડૉ સાહેબનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો સચિન મહેતા સાહેબનું .હતો ત્યારબાદ ડૉ સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું હતુંસચિન મેહતા .ત્યારબાદ મુખ્ય વક્તા ડૉ . ,જેમાં .દ્વારા પોતાનું વક્તવ્ય રજુ કર્યું વ્યાજદર વિષય પર વિદ્યાર્થીઓને વિસ્તૃત તે ઉપરાંત .સમજ પૂરી પાડવામાં આવી હતી ,વ્યાજદરની જરૂરિયાત ,વ્યાજદરનાં પ્રકાર વિષે વિસ્તૃત સ વ્યાજદરના કર્યો વગેરેમજ પૂરી પાડવામાં આવી હતીવ્યાખ્યાનનાં અંતે . શ્રીમેરાભાઇ જમોડ દ્વારા આભારવિધિ કરવામાં આવી અને તેમણે વિભાગીય અધ્યક્ષ ડૉ.ગૌરાંગ ડી. રામી સાહેબનાં માર્ગદર્શન થકી સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું તે બદલ તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો , ત્યારબાદ મુખ્ય વકતા ડૉસચિન મેહતા . સાહેબ અને વિદ્યાર્થીઓનો વ્યાખ્યાનમાં હાજર પ્રસ્તુત .રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો વ્યાખ્યાનમાં કુલ ૮૫ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા










## ડૉ.બી.વી.મેહતા વ્યાખ્યાનમાળા (વ્યાખ્યાન-3): "ભારતમાં ડેરી વિકાસની આજ,કાલ અને આવતીકાલ"

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં ડૉ.બી.વી.મહેતા વ્યાખ્યાનમાળાનો આરંભ તારીખ ૨૩/૦૮/૨૦૨૩ નાં રોજ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત તારીખ ૨૫/૦૮/૨૦૨૩ નાં રોજ ત્રીજા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય "ભારતમાં ડેરી વિકાસની આજ,કાલ અને આવતીકાલ" હતો. પ્રસ્તુત વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. દિલીપ આર.શાહ સાહેબ હાજર રહ્યા હતા, જેઓ મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં પૂર્વ અધ્યક્ષ અને પ્રાધ્યાપક તરીકે કાર્યરત હતા. ડૉ.દિલીપ શાહ સાહેબ અર્થશાસ્ત્રમાં અનુસ્નાતક તરીકે ૧૯૬૯ માં પદવી મેળવેલ છે, તથા Ph.D ની પદવી M.S. UNIVERSITY "An Economic Analysis of Co-operative Dairy Industry in Gujarat" વિષયમાં ૧૯૮૦માં પ્રાપ્ત કરી છે. તે ઉપરાંત ડૉ.દિલીપ શાહ સાહેબએ 40 જેટલા સંશોધન પ્રોજેક્ટમાં કાર્ય કર્યું છે, ૧૫ જેટલી ગ્રામ અભ્યાસ વિષે પુસ્તકો લખી છે અને ૧૨૫ સંશોધન પત્ર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત કરેલ જર્નલ્સમાં પ્રકાશિત કાર્ય છે. તેઓએ USSR, USA, JAPAN, THAILAND, PHILIPPINES તથા SPAIN ની જાણીતી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કરેલ છે. તેવા વિખ્યાત ડૉ.દિલીપ શાહ સાહેબ પ્રસ્તુત વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વ્યાખ્યાનની શરૂઆત ડૉ.યોગેશ એન.વાંસિયા સાહેબ દ્વારા ડૉ.દિલીપ શાહ સાહેબ અને પ્રસ્તુત વિષય સંબંધી પરિચય આપવામાં આવ્યો હતો. ડૉ.મનીષ આર. પટેલ સાહેબ દ્વારા મુખ્યવાકતા ડૉ.દિલીપ શાહ સાહેબનું અભિવાદન પુસ્તક અને નર્મદની પ્રતિકૃતિ ભેટ

સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ આગળ વધારતા મુખ્યવક્તા ડૉ.દિલીપ શાહ સાહેબ દ્વારા વ્યાખ્યાનનાં વિષય "ભારતમાં ડેરી વિકાસની આજ,કાલ અને આવતીકાલ" પર વિધાર્થીઓને વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી. જેમાં ડેરી ઉદ્યોગનું મહત્વ,ડેરી ઉદ્યોગનો ભૂતકાળ અને વિકાસના તબક્કા,ડેરી ઉદ્યોગની આવતીકાલ, ગુજરાતમાં ડેરી ઉદ્યોગનો વિકાસ વગેરે વિષે ચર્ચા કરવામાં આવી હતી. ડૉ.શાહ સાહેબ દ્વારા ડૉ. કુરિયન દ્વારા સહકારી ડેરીમાં અપાયેલા યોગદાન તેમજ NDDB ની કામગીરી અને સમયાંતરે તેમાં અનુભવાયેલા પ્રશ્નો અને તેના વિસ્તરણ વિષે પણ વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી. ડૉ.દિલીપ શાહ સાહેબ સારા ડેરી વિકાસની યાત્રા જાણે આપણી નજર સમક્ષ પસાર થઇ હોય તે રીતે વિદ્યાર્થીઓની સાથે ચર્ચા કરી હતી. તે ઉપરાંત ડેરી ઉદ્યોગનું આજ અને ભવિષ્ય અંગે ચર્ચા કરવામાં આવી હતી. વ્યાખ્યાનની સમાપ્તિ બાદ ડૉ.યોગેશ એન.વાંસિયા સાહેબ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.જેમાં મુખ્ય વક્તા ડૉ.દિલીપ શાહ સાહેબ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રતુત વ્યાખ્યાનમાં અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપરાંત મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગનાં વિદ્યાર્થીઓ,અધ્યાપકો થઇ લગભગ ૧૨૦ જેટલા લોકોએ આ વ્યાખ્યાનનો લાભ લીધો હતો.












## અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા સ્વ.પ્રા.(ડૉ.) એ.એસ.ચારણ વ્યાખ્યાનમાળા અંતર્ગત પ્રા.જી.એન.જોષીનું : "આર્થિક વિકાસ અને આંતર વિભાગીય સાધનોની ફાળવણી" ઉપર વ્યાખ્યાન યોજાયું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે અર્થશાસ્ત્ર વિભાગમાં અધ્યક્ષ ડૉ.ગૌરાંગ ડી.રામી સાહેબનાં માર્ગદર્શન હેઠળ તારીખ ૦૧/૦૯/૨૦૨૩ નાં રોજ સ્વ.પ્રા.(ડૉ.) એ.એસ.ચારણ વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વ.પ્રા.(ડૉ.) એ.એસ.ચારણ વિશ્વ વિખ્યાત અર્થશાસ્ત્રી હતા. તેઓ ૧૯૯૧-૨૦૦૫ સુધી અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ રહ્યા હતા,તે ઉપરાંત ૧૯૭૩નાં વર્ષમાં યુ.કે અને રોમ જેવા દેશોમાંથી IDS અને FAO જેવા આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસિદ્ધ સંશોધન સંસ્થામાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેવા ડૉ.એસ.એ.ચરણ સાહેબની યાદમાં અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના પ્રથમ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે ડૉ.જી.એન.જોશી સાહેબને અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા આમંત્રિત કરવામાં આવ્યા હતા. ડૉ.જી.એન.જોશી સાહેબ અર્થશાસ્ત્ર વિભાગમાં પૂર્વ અધ્યાપક તરીકે કાર્યરત હતા. વ્યાખ્યાનમાળનું સંચાલન ડૉ.મનીષ આર.પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનમાળાની શરૂઆત પરંપરાગત રીતે દીપ-પ્રગટ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ.મનીષ આર.પટેલ સાહેબ દ્વારા કુલપતિ ડૉ.કિશોરસિંહ ચાવડા સાહેબ અને ડૉ.જી.એન.જોશી સાહેબનું શાબ્દિક આવકાર કરવામાં આવ્યો હતો.ત્યારબાદ કુલપતિ ડૉ.કિશોરસિંહ ચાવડા સાહેબ દ્વારા ડૉ.જી.એન.જોશી સાહેબનું કવિ નર્મદ પ્રતિકૃતિ,પુસ્તક ભેટ સ્વરૂપે આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. તથા ડૉ.ગૌરાંગ ડી.રામી સાહેબ દ્વારા કુલપતિ ડૉ.કિશોરસિંહ ચાવડાનું પુસ્તક ભેટ સ્વરૂપે આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. તેમજ ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ.ગૌરાંગ ડી.રામી સાહેબ દ્વારા પ્રસ્તુત વ્યાખ્યાનમાળા વિષે રૂપરેખા સ્પષ્ટ કરવામાં આવી અને કુલપતિ ડૉ.કિશોરસિંહ ચાવડા સાહેબ તથા યુનિવર્સિટીનો અને ડૉ.જી.એન.જોશી સાહેબનો પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમને આગળ વધારતા કુલપતિ ડૉ.કિશોરસિંહ ચાવડા સાહેબ દ્વારા પ્રસ્તુત અવસરે વક્તવ્ય રજુ કરવામાં આવ્યું જેમાં સ્વ.પ્રા.(ડૉ.) એ.એસ.ચારણ

સાહેબ વિષેની યાદોને વાગોળી હતી. તથા અર્થાશાત્ર વિભાગ દ્વારા ભવિષ્યમાં પણ વિદ્યાર્થીઓનાં હિતમાં કાર્યક્રમ કરવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.ત્યારબાદ ડૉ.યોગેશ એન.વાંસિયા સાહેબ દ્વારા ડૉ.એ.એસ.ચારણ સાહેબ અને ડૉ.જી.એન.જોશી સાહેબનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ ડૉ.જી.એન.જોશી સાહેબ દ્વારા પોતાનાં વક્તવ્યની શરૂઆત કરવામાં આવી, પ્રસ્તુત વ્યાખ્યાનનો વિષય "આર્થિક વિકાસ અને આંતર વિભાગીય સાધનોની ફાળવણી: કેટલાક મુદ્દા" વિષેનો હતો. ડૉ.જી.એન.જોશી સાહેબ દ્વારા શરૂઆતમાં તેમના સ્વ.પ્રો.એ.એસ.ચારણ સાહેબ સાથેના કાર્યકાળની પળોને યાદ કરીને વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસ્તુત વિષયનાં અનુસંધાનમાં વક્તવ્યની શરૂઆત સૌ પ્રથમ આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કર્યો હતો,તેમાં કૃષિ અને બિનકૃષિ ક્ષેત્રમાં,સાધનોની ફાળવણી,દ્રૈતવાદ, કૃષિ અને બિનકૃષિ ક્ષેત્રે વ્યાપારની શરતો ઉપરાંત કૃષિક્ષેત્રે કરવેરા હોવા જોઈએ કે નહિ ? જેવા અગત્યનાં મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.ઉપરાંત માનવવિકાસનો આર્થિક વિકાસમાં શું ફાળો છે તેની પણ સમજણ પૂરી પાડી હતી. ખુબજ સરળ રીતે વ્યવહારુ ઉદાહરણો દ્વારા પ્રા.જી.એન.જોષી સાહેબે અર્થશાસ્ત્રનાં ઘણા કોયડાઓ વિદ્યાર્થીઓ સમક્ષ મુક્યા હતા, જે તર્ક-વિતર્ક તેમને પોતાનાં વ્યાખ્યાનમાં રજુ કર્યા જેના થાકી ઘણા વિદ્યાર્થીઓ પોતાનાં સંશોધનમાં તેનો ઉપયોગ કરીને ઉત્તમ સંશોધન કાર્ય કરી શકે તેમ છે. વ્યાખ્યાનનાં અંતે અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ.ગૌરાંગ ડી.રામી સાહેબ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી, પ્રતુત વ્યાખ્યાનમાં વિભાગનાં અધ્યાપકો,વિદ્યાર્થીઓ તથા પી.એચ.ડી.નાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.
























### સ્વ. પ્રા.(ડૉ.) બી. વી. મેહતા ટીચર્સ એક્સચેન્જ કાર્યક્રમ હેઠળ ડૉ.વિજય જરીવાલાએ “એકમલક્ષી અર્થશાસ્ત્ર” પર વ્યાખ્યાન આપ્યા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સમાજવિજ્ઞાન ભવન ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ.ગૌરાંગ

ડી.રામી સાહેબનાં માર્ગદર્શન હેઠળ સ્વ. પ્રા.(ડૉ.) બી. વી. મેહતા ટીચર્સ એક્સચેન્જ કાર્યક્રમ અંતર્ગત ડૉ.વિજય જરીવાલાએ "એકમલક્ષી અર્થશાસ્ત્ર" વિષય પર તારીખ ૨૮/૦૮/૨૦૨૩ થી ૨૯/૦૮/૨૦૨૩ દરમિયાન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત વ્યાખ્યાનનાં મુખ્ય વક્તા ડૉ. વિજય જરીવાલા સાહેબ હતા, ડૉ. વિજય જરીવાલા સાહેબ સરદાર પટેલ યુનિવર્સિટીમાં અસોસિયેટ પ્રોફેસર તરીકે કાર્યરત છે. પ્રસ્તુત વ્યાખ્યાનની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા સાહેબ દ્વારા ડૉ. વિજય જરીવાલા સાહેબનો વિસ્તૃત પરિચય આપીને કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. ગૌરાંગ ડી.રામી સાહેબ દ્વારા ડૉ. વિજય જરીવાલા સાહેબનું પુસ્તક અને કવિ નર્મદની પ્રતિકૃતિને ભેટ સ્વરૂપે આપીને અભિવાદન કરવામાં આવ્યું. કાર્યક્રમને આગળ વધારતા ડૉ. જરીવાલા સાહેબએ પોતાનું વ્યાખ્યાન રજૂ કર્યું હતું. તારીખ ૨૮/૦૮/૨૦૨૩ નાં રોજ એકમલક્ષી અર્થશાસ્ત્રનાં મહત્વનાં મુદ્દા જેમ કે, સંતૃપ્તિ વક્ર, તૃષ્ટિગુણ, બજારનાં પ્રકાર, નાણાની સીમાંત કાર્યક્ષમતા, પસંદગીનો માપદંડ, સીમાંત અવેજીનો દર, ગ્રાહક સમતુલા, બજેટ રેખા, આવક-કિંમત ઉપભોગ ખર્ચ, આવક અને અવેજી અસરોનું વિભાજન વગેરે મુદ્દાઓની વિસ્તૃત સમજ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી તેમજ તારીખ ૨૯/૦૮/૨૦૨૩ નાં રોજ પ્રસ્તુત વ્યાખ્યાનને આગળ વધારતા અસંમિત માહિતી, પ્રતિકુળ પસંદગી, પામ અને લેમન બજાર, નૈતિક સંકટ વગેરે મુદ્દા પર વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજ આપી હતી. અર્થશાસ્ત્ર વિભાગમાં અભ્યાસ કરતા ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ વ્યાખ્યાનનો લાભ લીધો હતો.





# Teaching Staff Activity

## Yogesh N. Vansiya

Delivered an expert lecture on the subject of "How to Write Good Research Report", at Agarwal Vidya Vihar English Medium College, Vesu (Surat). On 16th September, 2023. Dr. Yogesh N. Vansiya delivered an insightful lecture on effective research writing provided valuable guidance on structuring, clarity, and precision in research writing.







# Photo Gallery

## Svadesi Jagran MOU Program












# Shikshak Sanman Utsav-2023












# Teachers Day





# Janmashtami









# Organ Donation Program



# Press Note

## વેસુ સ્થિત અગ્રવાલ ઈંગ્લિશ મીડીયમ કોલેજમાં 'ગુડ રિસર્ચ રાઈટિંગ' પર વ્યાખ્યાન યોજાયું

**ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૧૮**

અગ્રવાલ વિદ્યા વિહાર ઈંગ્લિશ મીડીયમ કોલેજમાં વિદ્યાર્થીઓને સંશોધન માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્ય સાથે 'ગુડ રિસર્ચ રાઈટિંગ' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. લેક્ચરમાં ત્રીજા વર્ષના બી.એ, બી.બી.એ. અને એમ.એ.ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વ્યાખ્યાનના વક્તા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના વ્યાખ્યાતા ડો.યોગેશ વાંસિયાએ વિદ્યાર્થીઓને સંશોધન શા માટે જરૂરી છે, સંશોધકે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ, સંશોધન અહેવાલ કેવી રીતે લખવો વગેરે જણાવ્યું હતું. અને



મહત્વપૂર્ણ ખ્યાલો વિશે માહિતી આપી હતી. પ્રવચનમાં અગ્રવાલ કોલેજના મુખ્ય સલાહકાર ડો. યુ. ટી. દેસાઈ, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. ગૌતમ દુઆ અને કોલેજના પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

## નર્મદ યુનિ.માં વ્યાખ્યાન માળામાં ફુગાવા સંબંધિત પરિબળો બાબતે પ્રા. કિરણ પંડ્યાનું માર્ગદર્શન

### અર્થશાસ્ત્ર વિભાગમાં પ્રો.બી.વી. મહેતા નામથી વ્યાખ્યાનમાળાનો પ્રારંભ, પ્રથમ દિવસે જ આપમેળે ચાલતા અર્થતંત્ર વિશે સમજાવવાનો પ્રયાસ

**સુરત, તા. 24**

અર્થશાસ્ત્ર વિભાગમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪થી અર્થશાસ્ત્રના ભૂતપૂર્વ અધ્યક્ષ પ્રો. બી.વી. મહેતાના નામથી વ્યાખ્યાનમાળાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, જેમાં પ્રથમ વ્યાખ્યાનમાં જ આપમેળે ચાલતા અર્થતંત્ર અને રાજ્યના હસ્તક્ષેપ થકી સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના સિદ્ધાંતો સમજવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત ના અર્થશાસ્ત્ર વિભાગના પૂર્વ અધ્યક્ષ ડૉ.બી.વી મહેતા વિશ્વ વિખ્યાત અર્થશાસ્ત્રી હતા, ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં વિશ્વના ટોચના અર્થશાસ્ત્રીમાં તેમની ગણના થતી હતી. તેમજ વિશ્વની નામાંકિત યુનિવર્સીટીમાં વીઝીટીંગ ફેકલ્ટી તરીકે પણ કામગીરી બજાવી હતી. આ ઉપરાંત જે તે સમયે 'the bulletin of the Oxford University Institute of Economics and Statistics' જેવા નામાંકિત જર્નલ્સમાં તેમના સંશોધનો પ્રકાશિત થયા હતા, માત્ર પ્રકાશિત નહિ પણ તેમના સંશોધનના તારણો પર મોટી ડીબેટો પણ થઇ હતી. તેઓ ૧૯૭૯ની વાર્ષિક ગુજરાત અર્થશાસ્ત્રની પરિસદના પ્રેસિડેન્ટ પણ રહી ચુક્યા છે.

વ્યાખ્યાનમાળાનું પ્રથમ વક્તવ્ય નેશનલ સ્ટેટિસ્ટિકલ કમિશનના ભૂતપૂર્વ સભ્ય પ્રો.કિરણ એમ. પંડ્યાએ આપ્યું હતુ. જેમાં તેમણે વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો સાથેનાં પ્રો.બી.વી.મહેતાનાં અનુભવો વર્ણવ્યા હતા. તેમજ "ફુગાવો, નાણા સંકોચન અને મંદી મિશ્રિત ફુગાવો" વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે ફુગાવાની વર્તમાન પરિસ્થિતિ શુ છે તેની વાત કરી હતી, તેમના વક્તવ્યમાં તેમણે ફૂગાવી કઈ રીતે માપી શકાય, ફુગાવાની સાથે જોડાયેલા સિદ્ધાંતો, ફુગાવાને અસર કરતા પરિબળો, ભારતમાં ફુગાવાની પરિસ્થિતિ, સામાન્ય ભાવઆંક સાથે જોડાયેલા અન્ય ભાવાંક, ઉપરાંત પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી, નાણાવાદીઓ તેમજ કેઈન્સ અને કેઈન્સવાદીઓએ ફુગાવા સંદર્ભે જે ચર્ચાઓ કરી છે, તેની વિસ્તૃત સમજુતી આપી. પ્રો. કિરણ પંડ્યાએ આપમેળે ચાલતા અર્થતંત્ર અને રાજ્યના હસ્તક્ષેપની ચર્ચાને સમજાવી અને કઈ રીતે વિવિધ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના સિદ્ધાંતો સમજવામાં તમને આ ચર્ચા કામ લાગી શકે તેની ચર્ચા કરી હતી. જ્યારે વ્યાખ્યાનમાળાનો પ્રારંભ કુલપતિ કે.એન. ચાવડાએ કરાવ્યો હતો અને અર્થશાસ્ત્ર વિભાગનાં વડા ગૌરાંગ રામી, પ્રો.મનિષ પટેલ, યોગેશ વાંસિયાએ વ્યાખ્યાન માળા થકી વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે જીવનનાં પણ પાઠ શિખવા મળે તે માટેનો અનોખો પ્રયાસ કર્યો હતો.

# Press Note Link

- સ્વ. પ્રા.(ડૉ.) એ.એસ. ચારણ ટીચર્સ એક્સચેન્જ કાર્યક્રમ હેઠળ ડૉ.ધારાબેન વઘાડીયાએ મૂડીવાદથી નવઉદારવાદ તરફની એક યાત્રા પર વ્યાખ્યાન આપ્યું.
- અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા સ્વ.પ્રા.(ડૉ.) એ.એસ.ચારણ વ્યાખ્યાનમાળા અંતર્ગત ડૉ.અનિલ ટંડેલ : "પેઢીના ધ્યેયો અને આર્થિક સિદ્ધાંતો- બોમેલ, યારો, વિલિયમ્સનનાં મોડલ" પર વ્યાખ્યાન યોજાયું.
- અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા સ્વ.પ્રા.(ડૉ.) એ.એસ.ચારણ વ્યાખ્યાનમાળા અંતર્ગત પ્રા.જી.એન.જોષીનું : "આર્થિક વિકાસ અને આંતર વિભાગીય સાધનોની ફાળવણી" ઉપર વ્યાખ્યાન યોજાયું.
- સ્વ. પ્રા.(ડૉ.) બી. વી. મેહતા ટીચર્સ એક્સચેન્જ કાર્યક્રમ હેઠળ "એકમલક્ષી અર્થશાસ્ત્ર" પર વ્યાખ્યાન યોજાયું.
- યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં સ્વ.ડૉ.બી.વી. મહેતા વ્યાખ્યાનમાળા અંતર્ગત ડૉ.સચિન મેહતાનું વ્યાજદર અંગેના વ્યાખ્યાનનું આયોજન કરાયું.
- અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા પ્રો. બી.વી. મહેતા વ્યાખ્યાનમાળાની શરૂઆત કરવામાં આવી.

# Editorial Board

**Chief-Editors**
**Dr. Yogesh N. Vansiya and Dr. Manish R. Patel**
Assistant Professor, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editors**
**Dr. Rakesh Makwana, Mr. Merabhai Jamod,**
**Dr. Dilip Chaudhari, Miss Vaishali Kharva**
Teaching Assistant (Adhoc), Department of Economics,
Veer Narmad South Gujarat University, Surat.

**Student-Editors**
**Dhangara Shankarbhai Shitabhai (Sem-3), Patel Prachi Sureshkumar (Sem-3)**
**Patel Yashasvi Gautambhai (Sem-1), Makwana Snehil Ramjibhai (Sem-1)**
Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher**
**Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Dr. Gaurang D. Rami**
Professor and Head, Department of Economics,
Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by**
**Ms. Pragna V. Dhadhal, Mr. Kevin N. Patel, Mr. Akshaykumar R. Patel**
Library Assistant, Jr. Clerk, Department of Economics,
Veer Narmad South Gujarat University, Surat.

**For further details contact to:**

Professor and Head, Department of Economics, Social Science Building, Veer Narmad South Gujarat University, Udhana Magdalla Road, Surat - 395 007, Gujarat- India

**Phone: 0261-2203162, 0261-2255475**

**E-Mail: hod.dec@vnsgu.ac.in, office.dec@vnsgu.ac.in**

**URL: https://www.vnsgu.ac.in/departments/economics/contact.html**

**Disclaimer :- For Private Circulation Only.**